| | | સુરત મહાનગરપાલિકા<br>પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડિયમ | | |
|---|---|---|---|---|

## ચાલુ વર્ષે નવરાત્રીના વ્યાવસાયિક આયોજન હેતુ ઈનડોર સ્ટેડિયમ ભાડેથી ફાળવવા બાબત

ઉપરોક્ત કામે ઈચ્છુક વ્યક્તિ, સંસ્થાઓ, ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ વિ. પાસેથી નિયત બાનાની રકમ રૂ.૨,૫૦,૦૦૦/- (ફક્ત ડીમાન્ડ ડ્રાફ્ટ 'કમિશનર, સુરત મહાનગરપાલિકા' ના નામથી, પેયેબલ એટ સુરત) સહિત લેટરહેડ ઉપર બંધ કવરમાં તા.૧૩/૦૯/૨૦૨૪ સુધીમાં મળી જાય તે પ્રમાણે રૂ.૨૫,૦૦,૦૦૦/- કે તેનાથી વધુ રકમની ઓફરો મંગાવવામાં આવે છે. ઓફર પં.દી.ઉ. ઈનડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે કામકાજનાં દિવસોમાં કચેરી સમય દરમ્યાન મોકલી આપવાની રહેશે. કવર ઉપર કામનું નામ અને મોકલનારની વિગત અવશ્ય જણાવવાની રહેશે. મળેલ ઓફરો સ્વીકારવી કે નહીં તે અંગે સુરત મહાનગરપાલિકાનાં સક્ષમ સત્તાધિશશ્રીનો નિર્ણય અંતિમ અને સર્વેને બંધન કરતા રહેશે. ઉક્ત કામની શરતો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ના હોમપેજ ઉપર News & Updates સેક્શનમાં જોવા મળી શકશે.

સહી/-

નં.પી.આર.ઓ./....../૨૦૨૪-૨૫ એડી. સીટી ઈજનેર (સિવિલ)

તા. સુરત મહાનગરપાલિકા

| | |
|---|---|
| | સુરત મહાનગરપાલિકા<br>નવરાત્રી દરમ્યાન રાસ ગરબાના કાર્યક્રમનું વ્યાવસાયિક ધોરણે આયોજન કરવા હેતુ<br>પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ભાડે આપવાના નિયમો / શરતો |

<u>ઉકત કામની શરતો / નિયમો નીચે મુજબ છે.</u>

૧. તા.૦૩/૧૦/૨૦૨૪ થી તા.૧૨/૧૦/૨૦૨૪ (દિવસ–૧૦) દરમ્યાન નવરાત્રીના વ્યાવસાયિક આયોજન માટે દરરોજ રાત્રે છેલ્લા સેશન દરમ્યાન (પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરની પરવાનગીને આધિન) ઈન્ડોર સ્ટેડિયમ ભાડે આપવામાં આવશે.

૨. ઉપરોકત તારીખો દરમ્યાન છેલ્લા સેશન સિવાયના અન્ય કોઈ સેશન માટે સુરત મહાનગરપાલિકાને યોગ્ય જણાયેથી ઈન્ડોર સ્ટેડિયમ અન્ય ઉપયોગમાં લઈ શકાશે. જે અંગે નિર્ણય લેવા માટે ઈનડોર સ્ટેડિયમનાં વિભાગીય વડાશ્રી અધિકૃત રહેશે.

૩. નવરાત્રીના દિવસો દરમ્યાન દિન–૧૦ એટલે કે, ૧૦ કાર્યક્રમનું <u>લઘુત્તમ ભાડુ</u> **<u>રૂા.૨૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ લાખ પુરા)</u>** રહેશે અને આ રકમથી વધુ રકમની ઓફર જણાવેલ હશે તેવી જ ઓફરો ધ્યાને લેવામાં આવશે. તેમજ ડીપોઝીટ પેટે રૂા.૨૦,૦૦,૦૦૦/– અલગથી ભરવાના રહેશે. **<u>જો જી.એસ.ટી. કે અન્ય વસુલ લેવા પાત્ર થતાં વેરાઓની ટકાવારી વધે તો ડીપોઝીટની રકમ વધારવામાં આવશે</u>**. કાર્યક્રમ પુરો થયા બાદ અન્ય ખર્ચ જેમ કે, વીજળી ખર્ચ, બેનર ચાર્જીસ, સ્ક્રીન ચાર્જીસ, નુકશાની, જી.એસ.ટી. વિગેરે તમામ ખર્ચની રકમ ડીપોઝીટની રકમમાંથી વસુલ લઈ, બાકી રકમ વિના વ્યાજે સામાન્ય સંજોગોમાં દિન–૩૦માં પરત કરવામાં આવશે. GSTની ટેક્ષ ક્રેડીટ મેળવવા માટે ટેન્ડરનાં ટેકનિકલ બીડમાં GST નંબર જણાવવો ફરજીયાત છે.

૪. ઉપર અ.નં.૩ માં દર્શાવ્યા મુજબની નકકી કરેલ લઘુત્તમ ભાડાની રકમથી વધુ ઓફર જણાવેલ હશે તેવી જ ઓફરો ગણતરીમાં લેવામાં આવશે અને સૌથી ઉંચી ઓફર આપનારને ઈન્ડોર સ્ટેડિયમની ફાળવણી કરવા અંગે સુરત મહાનગરપાલિકાના સક્ષમ સત્તાધિશશ્રી ધ્વારા નિર્ણય કરવામાં આવશે.

૫. બાનાની રકમ (ઈ.એમ.ડી.) પેટે રૂા.૨,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા) " COMMISSIONER, SURAT MUNICIPAL CORPORATION" ના નામે માત્ર ડીમાન્ડ ડ્રાફટ અથવા પે ઓર્ડર અથવા બેન્કર્સ ચેકના સ્વરૂપમાં (પેયેબલ એટ સુરત) ઓફર સાથે ફરજીયાતપણે રજુ કરવાના રહેશે. બાનાની રકમ સિવાયની ઓફર સ્વીકારવામાં આવશે નહી.

૬. <u>ઓફર રકમ તથા ડીપોઝીટની રકમ મળીને જે રકમ થાય તે સઘળી રકમ મોડામાં મોડું તા.૩૦/૦૯/૨૦૨૪ સુધીમાં રોકડેથી અથવા ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર / બેન્કર્સ ચેક ધ્વારા સુરત મહાનગરપાલિકાની તીજોરીમાં જમા કરાવવાની રહેશે. ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેથી ઓફર રદબાતલ થવાપાત્ર રહેશે તેમજ ભરેલા નાણાં જપ્ત કરવામાં આવશે.</u>

વધુમાં, સંપૂર્ણ / આંશિક ચુકવણી સુરત મહાનગરપાલિકામાં કર્યા બાદ અથવા ઈ.એમ.ડી. સુરત મહાનગરપાલિકામાં મોકલી આપ્યા બાદ કોઈપણ સમયે જો બીડર ધ્વારા કોઈ કારણોસર કાર્યક્રમ કરવા બાબત અનિચ્છા દર્શાવીને પોતાનાં નાણાં પરત કરવાની માંગણી કરવામાં આવે તો તેવી માંગણી સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈપણ સંજોગોમાં ગ્રાહય રાખવામાં આવશે નહીં અને બીડર ધ્વારા જમા કરાવેલ નાણાં ઉપરાંત તેઓની ઈ.એમ.ડી.ની રકમ પણ જપ્ત કરવામાં આવશે. જે અંગે બીડરની કોઈ દલીલ, તરતકરાર કે દરદાવો ચાલી શકશે નહીં.

૭. બીડર ધ્વારા પોતાની ઓફર સાથે નીચે મુજબના ડોકયુમેન્ટસ રજુ કરવાના રહેશે.

(અ) <u>ફરજીયાત</u> :

(૧) બીડર ધ્વારા ઓફરની સંપૂર્ણ વિગતો જણાવવા સહીત તેમજ બીડરના સહી/ સિકકા સહીતનો ઓફર લેટર અને તેની સાથે નિયત નમૂનામાં બીડરનો પ્રોફાઈલ / ચેક લીસ્ટ અને બાંહેધરીપત્રક.

(૨) બાનાની રકમ (ઈ.એમ.ડી.) પેટે રૂા.૨,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા)ની રકમનો **"COMMISSIONER, SURAT MUNICIPAL CORPORATION"** ના નામનો ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર.

(૩) બીડર ધ્વારા જે નામથી ઓફર આપવામાં આવેલ હોય, તે નામ ધરાવતા ઈન્કમટેક્ષ વિભાગ તરફથી ઈસ્યુ થયેલ **PAN** કાર્ડની નકલ.

(૪) બીડરના નામ તથા સરનામાના આધારભૂત પુરાવા. જેમ કે, સરકારી / અર્ધ સરકારી કચેરી / વિભાગ ધ્વારા ઈસ્યુ થયેલ દસ્તાવેજી પુરાવાની નકલ અથવા તેને સમકક્ષ અન્ય પુરાવા.

(બ) <u>ઈચ્છનીય</u> :

(૧) બીડર ધ્વારા જે નામથી ઓફર આપવામાં આવેલ હોય, તે નામ ધરાવતા **TAN** નંબર (ટેક્ષ ડીડકશન એકાઉન્ટ નંબર)ની વિગત.

(૨) બીડર ધ્વારા વ્યવસાય વેરા (પ્રોફેશનલ ટેક્ષ)ના નાણાં ભર્યાની છેલ્લી રસીદ અને ગુમાસ્તાધારા લાયસન્સની નકલ.

(૩) ભાગીદારી પેઢી / સંસ્થા / કંપની કે એસોસીએશનના કિસ્સામાં રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ ડીડ / પાવર ઓફ એટર્ની / બંધારણની નકલ.

(૪) જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ.

(૫) રાષ્ટ્રીયકૃત બેંક અથવા શીડયુલ્ડ બેંક ધ્વારા બીડરને નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન ઈસ્યુ કરવામાં આવેલ લઘુત્તમ રૂા.૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા) કે તેથી વધુ રકમનું બેંક સોલવન્સી સર્ટીફીકેટની નકલ.

અધુરી અને અસ્પષ્ટ વિગતો દર્શાવતા ઓફરના કિસ્સામાં અને / અથવા માંગ્યા મુજબની ઈ.એમ.ડી. રજુ કરેલ ન હોય તેવા કિસ્સામાં જે તે બીડરની ઓફર ધ્યાને લેવામાં આવશે નહી.

૮. **<u>ઓફરનો વેલીડીટી પીરીયડ:</u>** સદર કામે બીડર ધ્વારા રજુ કરવામાં આવેલ ઓફરનો વેલીડીટી પીરીયડ **તા.૧૨/૧૦/૨૦૨૪** સુધીનો રહેશે. સદર વેલીડીટી પીરીયડ દરમ્યાન બીડર પોતાની ઓફર પરત ખેંચી શકશે નહીં અને / અથવા પોતાની ઓફરમાં કોઈ ફેરફાર કરી શકશે નહીં કે કોઈ શરત રજુ કરી શકશે નહીં. ઉકત શરતનો ભંગ કરનાર બીડરની ઓફર રદબાતલ થવાપાત્ર રહેશે તેમજ બીડરે જમા કરાવેલ ડીપોઝીટની રકમ સહિતની સઘળી જમા રકમ જપ્ત થવા પાત્ર રહેશે.

૯. શરતી ઓફર આપનાર બીડરની ઓફર રદબાતલ થવા પાત્ર રહેશે અને ઈ.એમ.ડી.ની રકમ જપ્ત કરી શકાશે.

૧૦. સદર કામે આવેલ ઓફરો પૈકી કોઈપણ ઓફર / તમામ ઓફરો મંજુર કરવા કે નામંજુર કરવા તે અંગેના અધિકારો સુરત મહાનગરપાલિકાના સક્ષમ સત્તાધીશશ્રીને અબાધિત રહેશે. જે અંગે કોઈપણ પ્રકારના કારણો જણાવવામાં આવશે નહીં.

૧૧. રોજેરોજ કાર્યક્રમના સમય દરમ્યાન સફળ આયોજક ધ્વારા સુરત મહાનગરપાલિકાનું એક ફાયર ફાઈટર (ક્રુ સહિત) તેના નિયત ચાર્જીસની રકમ આગોતરા જમા કરાવી, સ્થળ પર હાજર રાખવાનું રહેશે.

૧૨. નવરાત્રી દરમ્યાન સુરત મહાનગરપાલિકા ધ્વારા વ્હીકલ પાર્કીંગ માટે નીચે જણાવેલ જગ્યા ફાળવવામાં આવશે. જેમાં જરૂરી લેવલીંગ કરી, માર્કીંગ કરવા તેમજ વીજ પ્રકાશ તથા સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા સફળ બીડર ધ્વારા કરવાની રહેશે. વ્હીકલ પાર્કીંગ તેમજ તેની સલામતી બાબતની સઘળી જવાબદારી સફળ આયોજકની રહેશે તેમજ સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા જે કોઇ સુચનાઓ આપવામાં આવે તેનુ પાલન કરવાનુ રહેશે.

| ક્રમ | સ્થળ | વિસ્તાર (ચો.મી.) |
|---|---|---|
| ૧. | ઈનડોર સ્ટેડીયમની સામેનો ખુલ્લો પ્લોટ (પે એન્ડ પાર્ક) | ૪,૮૦૦ |
| ૨. | ઈનડોર સ્ટેડીયમની બાજુમાં મરઘા કેન્દ્રવાળો રસ્તો | ૨,૩૦૦ |
| ૩. | ડુમસ રોડ પર ભદ્રાશ્રમવાળો રસ્તો | ૧,૯૦૦ |
| | કુલ... | ૯,૦૦૦ |

૧૩. સફળ ટેન્ડરર ધ્વારા જમા કરાવવામાં આવેલ ડીપોઝીટની રકમમાંથી નીચે જણાવ્યા મુજબના વિવિધ ચાર્જીસ વસુલ લેવામાં આવશે.

(અ) **<u>બેનર ચાર્જીસ</u>** :– કાર્યક્રમ દરમ્યાન આયોજક ધ્વારા મુખ્ય પ્રવેશધ્વાર અને મુખ્ય સ્ટેજ ઉપર કાર્યક્રમ અને / અથવા સંસ્થાને લગતુ એક બેનર વિના મુલ્યે મુકી શકાશે, જયારે સ્ટેડિયમની અંદર અને તેના પરિસરમાં ધંધાકીય જાહેરાતના હેતુ માટે ૫' × ૪' સાઈઝના બેનર નંગ–૧૦ વિનામૂલ્યે મૂકી શકાશે. તેનાથી વધુ મૂકવામાં આવેલ બેનર માટે બેનર દીઠ રૂા.૨૦૦/– પ્રતિ સેશન વસુલ લેવામાં આવશે. અત્રે જણાવેલ સાઈઝ કરતા મોટી સાઈઝના હોય તેવા બેનરો માટે ઉપરોકત સાઈઝના ગુણાંક મુજબ ગણત્રી કરી, બેનર ચાર્જ વસુલ લેવામાં આવશે.

(બ) **<u>સ્ક્રીન ચાર્જીસ</u>** :– જો કાર્યક્રમનું જીવંત પ્રસારણ એલ.ઈ.ડી./ પ્રોજેકટર સ્ક્રીન પર દર્શાવવામાં આવે અને / અથવા સ્ક્રીન ઉપર જાહેરાતોનું પ્રસારણ કરવામાં આવે કે ડોકયુમેન્ટરી ફિલ્મ દર્શાવવામાં આવે તો તેવા કિસ્સામાં સ્ક્રીન દીઠ રૂા.૧,૦૦૦/– પ્રતિ દિન લેખે ચાર્જીસ વસુલ લેવામાં આવશે. **LED** સ્ક્રીન અને/અથવા **LCD/PLASMA** મોનીટરવાળા ટેલીવીઝન સેટ ગોઠવવામાં આવે તો તેવા કિસ્સામાં પણ સ્ક્રીન/સેટ દીઠ રૂા.૧,૦૦૦/– પ્રતિ દિન મુજબ ચાર્જીસ વસુલ લેવામાં આવશે.

(ક) **<u>બુકીંગ કાઉન્ટર/સ્ટોલ ચાર્જીસ</u>** :– કાર્યક્રમ દરમ્યાન આયોજક ધ્વારા સ્ટેડિયમના પરિસરમાં ટીકીટ બુકીંગ કે જાહેરાત કે ધંધાકીય પ્રચાર માટે ૧૦' × ૧૦' સાઈઝના સ્ટોલ નંગ–૨ વિનામૂલ્યે ઉભા કરી શકાશે. તેનાથી વધુ ઉભા કરવામાં આવેલ સ્ટોલ માટે સ્ટોલ દીઠ રૂા.૫૦૦/– પ્રતિ સેશન વસુલ લેવામાં આવશે. અત્રે જણાવેલ સાઈઝ કરતા મોટી સાઈઝના હોય તેવા સ્ટોલ માટે ઉપરોકત સાઈઝના ગુણાંક મુજબ ગણત્રી કરી, સ્ટોલ ચાર્જ વસુલ લેવામાં આવશે.

૧૪. (અ) નવરાત્રીના પ્રારંભ અગાઉ દિન–૧ પહેલા એટલે કે, તા.૦૨/૧૦/૨૦૨૪ના રોજ સ્થળ સ્થિતિ મુજબ ઈન્ડોર સ્ટેડીયમની ફાળવણી પૂર્વ પ્રાથમિક તૈયારી હેતુ સફળ બીડરને વિના મૂલ્યે કરવામાં આવશે. પરંતુ, વિજળી ખર્ચ તેમજ અન્ય લાગત ચાર્જીસ, કર, વેરા વિ. આયોજકની જમા ડીપોઝીટની રકમમાંથી વસુલ લેવામાં આવશે.

(બ) નવરાત્રીના સમાપન બાદ તરત જ એટલે કે, તા.૧૩/૧૦/૨૦૨૪નાં રોજ સવારના ૬.૦૦ ક. સુધીમાં આયોજક ધ્વારા બહારથી લાવવામાં આવેલ સાધન સામગ્રી વિ. ઈન્ડોર સ્ટેડીયમ સંકુલમાંથી દુર કરી, સાફ સફાઈ વિ. કામગીરી પૂર્ણ કરી, ઈન્ડોર સ્ટેડીયમનો કબજો પૂર્વવત સ્થિતિમાં સોંપવાનો રહેશે. તેમ કરવામાં નિષ્ફળ ગયેથી અને/અથવા વિલંબ થયેથી આયોજકના હિસાબે અને જોખમે તેવી સાધન સામગ્રી દૂર કરવામાં આવશે અને તે અંગે થયેલ ખર્ચ (સાફ સફાઈ સહીત)ની રકમ આયોજક પાસેથી વસુલ લેવામાં આવશે. આયોજક ધ્વારા બિનજરૂરી વિલંબ કરવામાં આવ્યો હોય તેમ માનવા માટેના પર્યાપ્ત કારણો જણાયેથી વિલંબ કરવા બદલ આયોજકને દંડ કરવાની સત્તા મ્યુનિ.કમિશ્નરશ્રીને રહેશે.

૧૫. સ્ટેડિયમના સીન્થેટીક ફ્લોરીંગ ઉપર પગરખા સાથેના ઉપયોગના કારણે ફ્લોરીંગને નુકશાન ન થાય તે માટે સ્ટેડિયમના ફ્લોરીંગ ઉપર આયોજક ધ્વારા સારી ગુણવત્તાવાળી કારપેટ વોલ ટુ વોલ અચુક પાથરવાની રહેશે અને તમામ દિવસો દરમ્યાન સાફ સફાઈ કરી, મેન્ટેઈન કરવાની રહેશે. સ્ટેજ અને તે પ્રકારના અન્ય બાંધકામ કરતા પહેલા ડબલ લેયર કારપેટ પાથરવાની રહેશે તથા બાંધકામનાં બેઈઝ નીચે ૪ મી.મી. કે તેથી વધુ થીકનેશ ધરાવતા વુડન પીસ ગોઠવવાના રહેશે. કોઈપણ પ્રકારના ભારે બાંધકામ કરવા માટે સફળ બીડરને પરવાનગી આપવી કે નહીં તે બાબતનો નિર્ણય ઈન્ડોર સ્ટેડિયમના વિભાગીય વડાશ્રીની મુનસફી ઉપર રહેશે અને જે આયોજકને બંધનકર્તા રહેશે.

૧૬. નવરાત્રીના કાર્યક્રમના દિવસો દરમ્યાન ઈન્ડોર સ્ટેડિયમના હાઉસકીપીંગની સઘળી જવાબદારી આયોજકની રહેશે. જરૂર જણાયેથી સુરત મહાનગરપાલિકા સાફ સફાઈની સગવડ કરે અથવા તે સંબંધી કોઈ પગલાં લે તો તેવા સંજોગોમાં તેનો અલગ ચાર્જ આયોજકની ડીપોઝીટમાંથી વસુલ લેવામાં આવશે.

૧૭. ઈન્ડોર સ્ટેડિયમની મિલ્કતને કોઈપણ પ્રકારે નુકશાન થશે તો તેની મરામત / રીપ્લેસમેન્ટ અન્વયે થનાર ખર્ચની સઘળી રકમ આયોજકની ડીપોઝીટમાંથી વસુલ લેવામાં આવશે.

૧૮. નવરાત્રીના કાર્યક્રમ દરમ્યાન નકકી કરેલ નિયમોનો ભંગ થશે અથવા પ્રેક્ષકો વિગેરે ધ્વારા ગેરશિસ્ત આચરવામાં આવશે તો તેવા સંજોગોમાં કાર્યક્રમ રદ કરી, ભાડુ તથા ડીપોઝીટની સઘળી રકમ જપ્ત કરવાને સુરત મહાનગરપાલિકા હકકદાર રહેશે.

૧૯. ઈન્ડોર સ્ટેડિયમની અંદર અને બહાર પુરતો સલામતી બંદોબસ્ત જળવાય તે માટે સફળ ટેન્ડરરે **<u>૧૨૫ વ્યકિતઓના સીકયુરીટી સ્ટાફ (પુરુષ અને સ્ત્રી સહીત)</u>**ની સ્વખર્ચે વ્યવસ્થા કરવાની રહેશે. તદઉપરાંત સ્ટેડિયમની બહાર ટ્રાફિક નિયમનની જવાબદારી પણ આયોજકની રહેશે. જરૂર જણાય તો નિયત સંખ્યા કરતા વધુ સીકયુરીટી સ્ટાફ આયોજક સ્વખર્ચે રાખી શકશે.

સીકયુરીટી સ્ટાફની નીચે મુજબની મુખ્ય જવાબદારીઓ રહેશે :

- ક) વાહનોનું નિર્ધારીત પાર્કીંગ એરીયામાં વ્યવસ્થિત પાર્કીંગ કરાવવુ.
- ખ) મુખ્ય રસ્તાઓ ઉપર સરળ ટ્રાફિક વહન તેમજ આનુષાંગિક વ્યવસ્થા જાળવવી.
- ગ) આવનાર દર્શકોની ફીઝીકલ ચકાસણી કરવી.
- ઘ) ખાદ્ય પદાર્થો, ઠંડા/ગરમ પીણા, પાન મસાલા/ગુટખા, અન્ય પ્રતિબંધિત વસ્તુઓ વિ. અટકાવવા.
- ચ) ખેલૈયાઓની સલામતિ જાળવવી.
- છ) ઉપદ્રવી તત્વોને દુર કરવા અને જરૂર જણાયેથી સ્થાનિક પોલીસની મદદ લેવી.
- જ) સ્ટેડિયમની મિલ્કતને નુકશાન ન થાય તેની કાળજી રાખવી.
- ઝ) કાયદો અને વ્યવસ્થા જાળવવા.
- ટ) સુરક્ષા અને સલામતિ માટે સઘન પગલા લેવા.

૨૦. (અ) નવરાત્રીના કાર્યક્રમ દરમ્યાન ઈન્ડોર સ્ટેડિયમમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આવનાર પ્રેક્ષકો, મહાનુભાવો તેમજ કલાકારોની સુરક્ષા અને સલામતી અંગેની સઘળી જવાબદારી આયોજકની રહેશે અને આ માટે તકેદારીના પગલારૂપે આયોજકે વધારાનો પોલીસ બંદોબસ્ત, ડોગ સ્કવોડ ચેકીંગ, સી.સી.ટી.વી. કેમેરા, મેટલ ડીટેકટર વિગેરે જેવા સુરક્ષા કવચ / ઉપકરણોનો જરૂરિયાત મુજબ સ્વખર્ચે ઉપયોગ કરવાનો રહેશે. આયોજકની નિષ્કાળજીના પરિણામે જો કાયદો અને વ્યવસ્થાનો ભંગ થાય અને અકસ્માત કે ઈજાના બનાવો બને તો તે અંગેની સઘળી જવાબદારી આયોજકની રહેશે અને આ બાબતે સુરત મહાનગરપાલિકાની કોઈપણ રીતે જવાબદારી રહેશે નહીં.

(બ) કાર્યક્રમ દરમ્યાન જાહેર સુલેહ શાંતિનો ભંગ કરનાર અને/અથવા ઈન્ડોર સ્ટેડિયમની સ્થાયી/અસ્થાયી મિલ્કતને જાણ્યે/અજાણ્યે નુકશાન કરનાર કે કાર્યક્રમમાં બિનજરૂરી રીતે ખલેલ પહોંચાડનાર વ્યકિત/શખ્સ/ઈસમો વિરૂધ્ધ આયોજક ધ્વારા કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.

૨૧. મોટા પ્રમાણમાં લોકો આ જગ્યાએ એકત્રિત થતાં હોય, જાહેર સલામતીની દૃષ્ટિએ ઈન્ડોર સ્ટેડિયમનો તથા તેમાં આવનાર દર્શકો, પ્રેક્ષકો, કલાકારો, કસબીઓ, ખેલૈયાઓ, ટેકનીશ્યનો, ઓપરેટીંગ સ્ટાફ વિ. તમામ લોકો માટે કોમ્પેન્સેટરી વીમો (પબ્લીક લાયેબીલીટી) ઉતરાવવાનો રહેશે અને ભાંગફોડ પ્રવૃત્તિ કે ત્રાસવાદી હુમલા સામે જાહેર જનતાને વીમા રક્ષણ હેઠળ આવરી લેવાની રહેશે.

૨૨. જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરતના તા.૦૭/૦૬/૨૦૨૪નાં જાહેરનામા ક્રમાંક એમએજી/આનંદ–પ્રમોદ/નિયમો/વશી ૨૩૫૦થી૨૩૮૮/૨૪થી ઘડવામાં આવેલ નિયમો તેમજ ત્યારબાદ વખતોવખત અન્ય કોઈ નિયમો ઘડવામાં આવ્યા હોય, કે આવનાર હોય, તે સઘળા નિયમો આયોજકોને બંધનકર્તા રહેશે તેમજ તેનું ચૂસ્તપણે પાલન કરવા/કરાવવાનું રહેશે. જેના ભંગ બદલ ઉપસ્થિત થનાર પરિસ્થિતીની સઘળી જવાબદારી આયોજકની રહેશે.

૨૩. (અ) ઈન્ડોર સ્ટેડીયમ પ્રિમાઈસીસમાં કાયદાકીય રીતે પ્રતિબંધિત હોય તેવા પદાર્થો, કેફી પીણાંઓ કે દ્રવ્યો, મદ્યપાન, ધુમ્રપાન વિ. લાવવા, રાખવા કે તેનુ સેવન કરવાની મનાઈ છે, જેના ભંગ બદલ ઉપસ્થિત થનાર પરિસ્થિતિની સઘળી જવાબદારી આયોજકની રહેશે.

(બ) ઈન્ડોર સ્ટેડિયમની અંદર કાર્યક્રમ દરમ્યાન સ્પેશ્યલ ઈફેકટસના ભાગરૂપે આયોજક ધ્વારા રંગ, ગુલાલ, જોખમી રસાયણ, સ્ફોટક પદાર્થો વિગેરે લાવવા કે વાપરવાની મનાઈ છે.

૨૪. ઈન્ડોર સ્ટેડિયમની અંદર કાર્યક્રમ દરમ્યાન નકકી કરેલ ક્ષમતાથી વધુ વ્યકિતઓને પ્રવેશ આપી શકાશે નહીં કે સમાવેશ કરી શકાશે નહી. જેના ભંગ બદલ ઉપસ્થિત થનાર પરિસ્થિતીની સઘળી જવાબદારી આયોજકની રહેશે અને આયોજક સામે દંડકીય/શિક્ષાત્મક કાર્યવાહી કરી શકાશે.

૨૫. નવરાત્રી દરમ્યાન સ્ટેડિયમના અંદરના ભાગે કે સ્ટેડિયમના કમ્પાઉન્ડમાં કોઈપણ જગ્યાએ કેન્ટીન રાખી શકાશે નહીં તેમજ ખાદ્ય પદાર્થો કે ઠંડા/ગરમ પીણાં, બોટલો, ધુમ્રપાનને લગતી સામગ્રી, ગુટખા, પાનમસાલા વિગેરે રાખી કે વેચી/વહેંચી શકાશે નહીં. આયોજકે આ શરતનો અચુક અમલ કરવા/કરાવવાનો રહેશે. પ્રેક્ષકોના પ્રવેશ સમયે પણ ઉપરોકત ચીજ વસ્તુઓ સ્ટેડિયમમાં પ્રવેશે નહીં અને ખાદ્ય/પેય પદાર્થોનો વપરાશ પ્રેક્ષકો ધ્વારા કરવામાં ન આવે તેની તકેદારી રાખવા/રખાવવાની રહેશે. ઉપરાંત સ્ટેડિયમ પ્રિમાઈસીસમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ હોય તે મુજબની સૂચના પ્રસિધ્ધ કરવાની રહેશે. ફુડ કોર્ટ ફાળવવા કે તે અંગેનાં દર નકકી કરવા માટે નિર્ણય લેવા સારૂ સુરત મહાનગરપાલિકાનાં સક્ષમ સત્તાધિશશ્રી અધિકૃત રહેશે.

૨૬. કાર્યક્રમ સાથે સંબંધિત આયોજક, તેઓના કાર્યકર્તા/સ્વયંસેવકો, કલાકારો, ગાયક વૃંદ, સંગીત વૃંદ, સાઉન્ડ અને લાઈટ સીસ્ટમની એજન્સી, સીકયુરીટી એજન્સી તેમજ અન્ય એજન્સીઓની યાદી/વિગતો કાર્યક્રમની પૂર્વ પ્રાથમિક તૈયારીઓ શરૂ કરતા અગાઉ ઈન્ડોર સ્ટેડીયમની કચેરી ખાતે રજુ કરવાની રહેશે.

૨૭. નવરાત્રી દરમ્યાન રોજેરોજના કાર્યક્રમનું ઓડીયો વીઝયુઅલ રેકોર્ડીંગ (યુ.એસ.બી. ડ્રાઇવ અથવા એક્ષ્ટર્નલ હાર્ડ ડીસ્કના ફોર્મેટમાં) સ્વખર્ચે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવાનું રહેશે.

૨૮. ટીકીટો/આમંત્રણ પત્રિકા, જાહેરાતો, હોર્ડીંગ્સ વિગેરે તમામ પ્રચાર સાહિત્ય તેમજ પ્રસાર માધ્યમોમાં **<u>'પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ'</u>** એમ પૂરૂ નામ જણાવવાનું રહેશે.

૨૯. સફળ બીડર ધ્વારા કાર્યક્રમ શરૂ કરતાં અગાઉ નીચે મુજબના પરવાના જે તે સરકારી/અર્ધ–સરકારી/ અધિકૃત સંસ્થાઓ /કચેરીઓમાંથી સ્વખર્ચે મેળવીને ઈન્ડોર સ્ટેડિયમ ઓથોરીટી સમક્ષ રજુ કરવાના રહેશે. તેમ કરવામાં નિષ્ફળ ગયેથી જો કાર્યક્રમ આયોજનબધ્ધ ન થઈ શકે તો તેવા સંજોગોમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતિની સઘળી જવાબદારી આયોજકોની રહેશે અને સુરત મહાનગરપાલિકાની કોઈપણ રીતે જવાબદારી રહેશે નહીં.

(ક) કાર્યક્રમના વ્યાવસાયિક ધોરણે આયોજન હેતુ **પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, સુરત**નું પર્ફોર્મન્સ લાયસન્સ.

(ખ) ટીકીટ/ સીઝન પાસ/ આમંત્રણ પત્રિકા/ કોમ્પ્લીમેન્ટરી પાસ વિગેરેના વેચાણ માટે **પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, સુરત**નું ટીકીટ સેલીંગ લાયસન્સ.

(ગ) ટેમ્પરરી ઈલેકટ્રીકલ ઈન્સ્ટોલેશન જેમ કે, લાઈટ, સાઉન્ડ, સ્ક્રીન વિગેરે ઈલેકટ્રીક લોડને કાર્યરત કરવા માટે **વિદ્યુત નિરિક્ષકશ્રીની કચેરી, સુરત**નું "ન વાંધા પ્રમાણપત્ર"

(ઘ) સ્ટેજ તથા અન્ય હંગામી બાંધકામ માટે **માર્ગ અને મકાન વિભાગ, સુરત**નું "ન વાંધા પ્રમાણપત્ર" (ઉચ્ચ સુરક્ષા દરજજો ધરાવતા મહાનુભાવોની સ્ટેજ ઉપર ઉપસ્થિતિના કિસ્સામાં)

(ચ) કાર્યક્રમ દરમ્યાન ગીત–સંગીતના જીવંત / રેકોર્ડેડ પ્રસારણ અન્વયે કોપીરાઈટ એકટ, ૧૯૫૭ની જોગવાઈઓ હેઠળ સરકારશ્રી ધ્વારા અધિકૃત કરેલ સંસ્થાઓના જરૂરી લાયસન્સની નકલ.

(છ) કાર્યક્રમ દરમ્યાન જો ડ્રોન અને/અથવા રેડીયો ટ્રંકીંગ સેટ (વાયરલેસ સેટ)નો ઉપયોગ કરવામાં આવે તો તેવા કિસ્સામાં ભારત સરકારશ્રીનાં સંબંધિત વિભાગ ધ્વારા જે તે સંસ્થાને ઈસ્યુ કરવામાં આવેલ લાયસન્સની નકલ.

(જ) સુરત મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડ વિભાગમાં જમા કરાવેલ નાણાંની પહોંચની નકલ.

(ઝ) પબ્લીક લાયેબીલીટી તેમજ અન્ય ચીજવસ્તુઓની ઈન્સ્યુરન્સ પોલીસીની કવર નોટ અને જમા કરાવેલ પ્રિમીયમની પહોંચની નકલ.

(ટ) સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગનું "ન વાંધા પ્રમાણપત્ર"

(ઠ) સુરત મહાનગરપાલિકા, રાજય સરકારશ્રી અથવા કેન્દ્ર સરકારશ્રી ધ્વારા વખતોવખત અન્ય જે કોઈ પરવાનાની માંગણી કરવામાં આવે તે તમામ પરવાનાઓ.

જો સફળ બીડર ધ્વારા ઉપરોકત પરવાનાઓ પૈકીના કોઈપણ પરવાના મેળવેલ ન હોય, અને/અથવા કાયદાકીય રીતે ભંગ થતો હોય, તેવું કોઈપણ પ્રકારનું કૃત્ય કરવામાં આવે અને તેના કારણે જો તેઓનુ આયોજન બંધ થાય અથવા સક્ષમ સત્તા ધ્વારા તેવુ આયોજન બંધ કરવાની આયોજકને ફરજ પાડવામાં આવે તો તે અંગેની સઘળી જવાબદારી સફળ બીડરની રહેશે અને તેવા સંજોગોમાં સફળ બીડર ધ્વારા સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવામાં આવેલ ઓફર રકમ સહીતની કોઈપણ રકમ તેઓને પરત મળવાપાત્ર રહેશે નહીં કે સફળ બીડર તે રકમ પરત માંગવા હકકદાર રહેશે નહીં કે સુરત મહાનગરપાલિકા આ રકમ પરત કરવા માટે જવાબદાર રહેશે નહીં.

૩૦. (અ) અનિવાર્ય સંજોગોમાં કોઈપણ કારણો જણાવ્યા સિવાય પરવાનગી રદ કરવાની સત્તા મ્યુનિ.કમિશ્નરશ્રીને રહેશે. આ પ્રમાણે પરવાનગી રદ કરવામાં આવે તો ત્યારે સફળ આયોજકે જમા કરાવેલ ભાડા તથા ડીપોઝીટની રકમ વિના વ્યાજે પરત કરવામાં આવશે. પરંતુ, કોઈપણ પ્રકારનું આર્થિક નુકશાન કે વળતર ચુકવવાની સુરત મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહીં તથા તે અંગે કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

(બ) ઈન્ડોર સ્ટેડિયમ નિભાવના સીવીલ, મીકેનીકલ, ઈલેકટ્રીકલ કામના આકસ્મિક ફોલ્ટ કે નિભાવને કારણે અગાઉથી આખો કાર્યક્રમ રદ કરવો પડે તો તેવા સંજોગોમાં પણ ડીપોઝીટ અને ભાડાની રકમ વિના વ્યાજે પરત કરવામાં આવશે. પરંતુ, કોઈ આર્થિક નુકશાન કે વળતર સફળ આયોજકને સુરત મહાનગરપાલિકા ધ્વારા ચુકવવામાં આવશે નહી.

(ક) ઈન્ડોર સ્ટેડિયમ સંકુલમાં ઉપલબ્ધ સુવિધાઓ પૈકી જે તે સમયે ખરેખર ઉપલબ્ધ થઈ શકે તેમ હોય, તેવી સુવિધા સફળ આયોજકને વપરાશ માટે આપવામાં આવશે. પરંતુ, ઉપલબ્ધ થઈ શકે તેમ ન હોય, તેવી સુવિધાઓ આપવા માટે સફળ આયોજક સુરત મહાનગરપાલિકાને આગ્રહ કરી શકશે નહી.

૩૧. (અ) સદર કામે મંગાવવામાં આવેલ ઓફરોની શરતોના અર્થઘટન અન્વયે જો કોઈ વિવાદ ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બીડરને બંધનકર્તા રહેશે.

(બ) સદર કામે જો કોઈ સંજોગોમાં કાયદાકીય વિવાદ ઉપસ્થિત થાય અને/ અથવા કોર્ટ કચેરી વિગેરે કાયદેસરની કાર્યવાહી કરવાની થાય તો તે સુરત ન્યાય ક્ષેત્ર (કોર્ટ જયુરીશડીકશન)ને આધિન રહેશે.

૩૨. સફળ બીડર જો ઓફરની શરતો પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ જશે તો તેઓની ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ સુરત મહાનગરપાલિકાને થયેલ આર્થિક નુકશાન વસુલ લેવામાં આવશે.

૩૩. (અ) ઈન્ડોર સ્ટેડિયમના સંચાલનને લગતાં સા.સ.ઠ.નં. ૧૯૬/૨૦૧૭, તા.૨૯/૦૪/૨૦૧૭ થી મંજુર થયેલ અને હાલ અમલમાં રહેલ નીતિ–નિયમો સુરત મહાનગર પાલિકાની વેબસાઈટ ઉપર નીચે જણાવેલ લીન્ક ઉપર ઉપલબ્ધ છે. જે ઈન્ડોર સ્ટેડિયમના નીતિ–નિયમો ઓફરની શરતોનો એક ભાગ ગણાશે અને તેનો અમલ કરવાનો રહેશે. આ નીતિ–નિયમોમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈપણ સમયે જો કોઈ સુધારા વધારા કે ફેરફાર સુચવવામાં આવે તો તે આયોજકને બંધનકર્તા રહેશે.

https://www.suratmunicipal.gov.in/Content/Documents/Services/AuditoriaAndStadium/IndoorStadiumNormsInDetail.pdf?ver=7129

(બ) જો કોઈ તબકકે ઉકત કામની ઓફર શરતો અને ઈન્ડોર સ્ટેડિયમના પ્રવર્તમાન નીતિ–નિયમો અન્વયે વિસંગતતા ઉપસ્થિત થાય તો તેવા કિસ્સામાં ઓફરની શરતોને માન્ય ગણવાની રહેશે.

૩૪. સરકારશ્રી ધ્વારા જાહેર સલામતી, આરોગ્ય અને સ્વાસ્થ્ય વિષયક જે કોઇ માર્ગદર્શિકાઓ પ્રસિધ્ધ કરવામાં આવે તે સફળ બિડરને મંજુર તેમજ બંધનકર્તા રહેશે.

૩૫. ઉપરોકત શરતો ઉપરાંત સુરત મહાનગરપાલિકાના સક્ષમ સત્તાધિશશ્રી ધ્વારા વખતોવખત જે કોઈ સુચનાઓ / આદેશો આપવામાં આવે તે આયોજકને બંધનકર્તા રહેશે અને આયોજકે તેનો બિનચુક અમલ કરવાનો રહેશે.

સહી/–
એડી.સીટી ઈજનેર(સિવિલ)
સુરત મહાનગરપાલિકા

**સુરત મહાનગરપાલિકા**
**પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ**
**બીડરનો પ્રોફાઈલ અને ચેક લીસ્ટ**

| ક્રમ | વિગત | પૂર્તતા |
|---|---|---|
| ૧. | ઓફર આપનાર સંસ્થાનું પુરું નામ તેમજ પોસ્ટલ એડ્રેસ | નામ : ...............................................................<br>સરનામું : ........................................................<br>...........................................................<br>ટેલી.નંબર : ..................................................... |
| ૨. | ઓફર આપનાર સંસ્થાના જવાબદાર હોદ્દેદારનું પુરું નામ, તેઓના નિવાસ સ્થાનનું પોસ્ટલ એડ્રેસ તેમજ તેઓનો મોબાઈલ ફોન નંબર | નામ : ...........................................................<br>સરનામું : .......................................................<br>...........................................................<br>મોબા.નંબર : ..................................................... |
| ૩. | ઓફર આપનાર સંસ્થાના જવાબદાર હોદ્દેદારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તેમજ નમુનાની સહી | ×......................................... |
| ૪. | ઓફર આપનાર સંસ્થાનો હાલનો મુખ્ય વ્યવસાય<br>(વિસ્તૃત વિગતો અલગથી રજુ કરવી) | |
| ૫. | સંસ્થા કેટલા સમયથી આ વ્યવસાયમાં કાર્યરત છે ? | વર્ષ...................... માસ.................. |
| ૬. | ઓફર આપનાર સંસ્થા/વ્યકિતના સંપર્ક સુત્રો | (અ) ટેલીફોન નંબર.......................................<br>(બ) મોબાઈલ નંબર.....................................<br>(ક) વોટસએપ નંબર....................................<br>(ડ) ઈ મેઈલ એડ્રેસ....................................<br>(ઈ) વેબસાઈટ(જો હોય તો)................................... |
| ૭. | ઓફર આપનાર સંસ્થા / વ્યકિતના બેંક એકાઉન્ટની વિગત<br>(**રીફંડ માટે ફરજીયાત**) | (અ) બેંકનું નામ .............................................<br>(બ) બેંક એકાઉન્ટ નં..........................................<br>(ક) બેંક IFSC નં...........................................<br>(ડ) બેંક MICR નં........................................... |
| ૮. | સંસ્થા/વ્યકિત ધ્વારા નવરાત્રી અને / અથવા અન્ય મેગા ઈવેન્ટનું અગાઉ પં.દી.ઉ. ઈન્ડોર સ્ટેડિયમ અને/ અથવા સુરત શહેર / જિલ્લા / રાજયમાં અન્ય કોઈ સ્થળે વ્યાવસાયિક ધોરણે આયોજન કરવામાં આવેલ છે કે કેમ? જો હા, તો વિગતો જણાવવી. | |

| | | |
|---|---|---|
| ૯. | રજુ કરવામાં આવેલ ઈ.એમ.ડી.ની વિગત | રકમ રૂા. ...........................<br>ડીમાન્ડ ડ્રાફટ/પે–ઓર્ડર નં. .....................<br>ડીમાન્ડ ડ્રાફટ/પે–ઓર્ડર તા. ....................<br>ઈસ્યુ કરનાર બેંક/શાખા ...............................................<br>ઈસ્યુ કરનાર શાખાનો IFSC નં. .................................. |
| ૧૦. | ઈન્કમટેક્ષ પરમેનેન્ટ એકાઉન્ટ નંબર (PAN) | |
| ૧૧. | ટેક્ષ ડીડકશન એકાઉન્ટ નંબર (TAN) | |
| ૧૨. | પ્રોફેશન ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર | |
| ૧૩. | ગુમાસ્તાધારા હેઠળ કરવામાં આવેલ નોંધણીની વિગત | |
| ૧૪. | GST નંબર | |
| ૧૫. | ઓફર આપનાર સંસ્થા જો ભાગીદારી પેઢી, કંપની કે એસોસીએશન હોય તો તેવા કિસ્સામાં રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ ડીડ, પાવર ઓફ એટર્ની કે બંધારણની વિગત (પ્રમાણિત નકલ રજુ કરવી). | (જગ્યા ઓછી જણાય તો અલગથી વિગતો જણાવવી.) |

(૧૬) ઓફર આપનાર સંસ્થા જો ભાગીદારી પેઢી, કંપની કે એસોસીએશન હોય તો તેવા કિસ્સામાં તમામ ભાગીદારો/ વહીવટકર્તાના નામ, સરનામા અને વ્યવસાયને લગતી વિગતો નીચે જણાવવી.

| ક્રમ | ભાગીદારો/વહીવટકર્તાના નામ | સરનામું | વ્યવસાયની વિગત |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |
| ૫. | | | |

(૧૮) તમામ ભાગીદારો/ વહીવટકર્તાના તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ અને નમુનાની સહી.

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| ×.................... | ×.................... | ×.................... | ×.................... | ×.................... |

તા. ...... /....../૨૦૨૪

બીડરની સહી તથા સિકકો

સુરત મહાનગરપાલિકા
પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ

# બીડર તરફે રજુ કરવાજોગ બાંહેધરી પત્રક

આથી હું નીચે સહી કરનારશ્રી..........................................................................................

ઉ.આ.વ............ રહેવાસી ................................................................................................

અમારી સંસ્થા.....................................................................................................................

સરનામુ .............................................................................................................................

તરફે બાંહેધરી આપુ છું કે, ચાલુ વર્ષે નવરાત્રીના વ્યાવસાયિક આયોજન હેતુ પં.દિ.ઉ.ઈન્ડોર સ્ટેડિયમ ભાડે લેવા માટેની તમામ શરતો તથા નિયમો મેં વાંચી, વંચાવી, સમજી, વિચારી મેં મારી રાજીખુશીથી તથા અકકલ હોંશિયારીથી, તન મનની સંપૂર્ણ સ્વસ્થ અને સાવધ અવસ્થામાં ઈન્ડોર સ્ટેડિયમ ભાડેથી રાખવા ઓફર આપેલ છે. ઉકત કામની તમામ શરતો અને નિયમો અમોએ વાંચ્યા છે અને જે અમોને તથા અમારી સંસ્થા/ તમામ ભાગીદારોને કબુલ, મંજુર અને બંધનકર્તા રહેશે તેમજ નવરાત્રી દરમ્યાન ઈન્ડોર સ્ટેડીયમ ખાતે આવનાર જાહેર જનતાની સલામતી માટે તકેદારીના પૂરતા પગલા લેવા અમો ખાત્રી આપીએ છીએ તથા સુરત મહાનગરપાલિકાના સક્ષમ સત્તાધિશશ્રી ધ્વારા વખતોવખત જે કોઈ સુચનાઓ કે આદેશો આપવામાં આવે તેનું પાલન કરવા/કરાવવા અમો અત્રેથી લેખિત બાંહેધરી આપીએ છીએ.

સ્થળ :
તા. ...... /...../૨૦૨૪ બીડરની સહી તથા સિકકો